For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

Amul પશુ આહાર અને ઇંધણના ખર્ચમાં વધારો થતા એક વર્ષ બાદ અમૂલે લીધો નિર્ણય

# અમૂલ દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂ.2 સુધીનો વધારોઃ આજથી નવા ભાવ લાગુ

**ખેડૂતોની** આવક જાળવી રાખવા ભાવ વધારો અનિવાર્ય

(પ્રતિનિધિ) આણંદ./ વડોદરા

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF), જે અમૂલ બ્રાન્ડ હેઠળ દૂધનું વેચાણ કરે છે, તેના દ્વારા દૂધના ભાવમાં પ્રતિ લિટર રૂપિયા 2 સુધીનો વધારો જાહેર કરવામાં આવ્યો છે. આ નવો ભાવ વધારો 14મી મે 2026થી સમગ્ર ભારતમાં અમલમાં આવશે. મે-2025 બાદ એટલે કે એક વર્ષ કરતા વધુ સમય પછી આ ભાવ વધારો કરવામાં આવ્યો છે.

ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (અમૂલ) દ્વારા કરવામાં આવેલા આ ભાવ વધારો મહત્તમ વેચાણ કિંમતના 2.5 ટકાથી 3.5 ટકાની વચ્ચે છે, જે સરેરાશ ખાદ્ય ફુગાવા કરતા ઓછો છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ 36 લાખ દૂધ ઉત્પાદકોના ઈનપુટ ખર્ચમાં થયેલો વધારો છે. છેલ્લા એક વર્ષમાં પશુ આહાર, દૂધના પેકેજિંગ માટેની ફિલ્મ અને બળતણના ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે.

આ અંગે ફેડરેશનના જણાવ્યા અનુસાર, અમૂલ તેના ગ્રાહકો પાસેથી મેળવેલા દરેક 1 રૂપિયામાંથી 80 પૈસા (80 %) સીધા દૂધ ઉત્પાદકોને પરત આપે છે. આ ભાવ વધારાનો મોટો હિસ્સો દૂધ ઉત્પાદકો પાસે જશે, જેથી તેઓને દૂધનું ઉત્પાદન વધારવા માટે પ્રોત્સાહન મળી રહે. છેલ્લા એક વર્ષમાં સભ્ય સંઘોએ ખેડૂતોને અપાતા ભાવમાં પણ 3.7 ટકા (રૂ. 30 પ્રતિ કિલો ફેટ) નો વધારો કર્યો છે.

વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. (બરોડા ડેરી) દ્વારા અમૂલ દૂધના વેચાણ ભાવમાં વધારો જાહેર કરવામાં આવ્યો છે. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન લિ. (GCMMF)ના નિર્ણય અનુસાર તા. 14 મે 2026થી નવા ભાવ અમલમાં આવશે. દૂધ ઉત્પાદકોને વધુ લાભ મળે તે માટે ખરીદ ભાવમાં પણ પ્રતિ કિલો ફેટ રૂ. 31.15નો વધારો કરવામાં આવ્યો હોવાનું સંઘ દ્વારા જણાવાયું છે.

જાહેર થયેલા નવા ભાવ મુજબ અમૂલ ગોલ્ડ દૂધના 500 મિલી પાઉચનો ભાવ રૂ. 34માંથી વધારી રૂ. 35 કરવામાં આવ્યો છે, જ્યારે 6 લિટર પેકનો ભાવ રૂ. 400થી વધારી રૂ. 420 કરાયો છે. અમૂલ શક્તિ દૂધના 500 મિલી પાઉચનો ભાવ રૂ. 31થી વધારી રૂ. 32 અને 6 લિટર પેકનો ભાવ રૂ. 372થી વધારી રૂ. 384 કરવામાં આવ્યો છે.

તે ઉપરાંત અમૂલ ગાય દૂધના 500 મિલી પાઉચનો ભાવ રૂ. 28થી વધારી રૂ. 30 અને 200 મિલી પાઉચનો ભાવ રૂ. 11થી વધારી રૂ. 12 કરવામાં આવ્યો છે. અમૂલ તાજા દૂધના 500 મિલી પાઉચનો ભાવ રૂ. 28 જ રાખવામાં આવ્યો છે, જ્યારે 6 લિટર પેકનો ભાવ રૂ. 336થી વધારી રૂ. 348 કરવામાં આવ્યો છે. અમૂલ સ્લિમ એન્ડ ટ્રિમ દૂધના 500 મિલી પાઉચનો ભાવ રૂ. 24થી વધારી રૂ. 25 કરવામાં આવ્યો છે.

બરોડા ડેરીએ જણાવ્યું છે કે દૂધના વેચાણ ભાવમાં થયેલા વધારાની સરખામણીએ દૂધ ઉત્પાદકોને વધુ લાભ આપવામાં આવ્યો છે. હાલમાં પ્રતિ કિલો ફેટનો ભાવ રૂ. 875થી વધારી રૂ. 906 કરવામાં આવ્યો છે. ડેરી દ્વારા જાહેર માહિતી મુજબ વર્ષ 2015માં અમૂલ ગોલ્ડ દૂધનો ભાવ પ્રતિ લિટર રૂ. 48 હતો અને તે સમયે દૂધ ઉત્પાદકોને પ્રતિ કિલો ફેટ રૂ. 570 મળતા હતા. હવે 14 મે 2026થી અમૂલ ગોલ્ડનો ભાવ પ્રતિ લિટર રૂ. 70 થશે જ્યારે દૂધ ખરીદીનો ભાવ રૂ. 840 પ્રતિ કિલો ફેટ સુધી પહોંચશે. છેલ્લા 11 વર્ષમાં અમૂલ ગોલ્ડના વેચાણ ભાવમાં રૂ. 22નો વધારો થયો છે, જ્યારે દૂધ ખરીદ ભાવમાં રૂ. 270નો વધારો નોંધાયો છે.

બરોડા ડેરીએ દાવો કર્યો છે કે છેલ્લા 11 વર્ષમાં દૂધ ઉત્પાદકોના ખરીદ ભાવમાં અંદાજે 47.35 ટકા વધારો કરવામાં આવ્યો છે, જ્યારે વેચાણ ભાવમાં આશરે 45.83 ટકા વધારો નોંધાયો છે.

### બ્રાન્ડ વાઈઝ ભાવમાં થયેલો ફેરફાર

| અમૂલ દૂધના પ્રકાર | જુનો ભાવ રૂપિયા-પૈસા પ્રતિ પાઉચ | નવો ભાવ રૂપિયા-પૈસા પ્રતિ પાઉચ |
|---|---|---|
| અમુલ ગોલ્ડ દૂધ પાઉચ ૫૦૦ મીલી | ૩૪.00 | ૩૫.00 |
| અમૂલ ગોલ્ડ દૂધ પાઉચ ૬ લીટર | ૪૦૮.00 | ૪૨૦.00 |
| અમૂલ શક્તિ દૂધ પાઉચ ૫૦૦ મીલી | ૩૧.00 | ૩૨.00 |
| અમૂલશક્તિ દૂધ પાઉચ ૬ લીટર | ૩૭૨.00 | ૩૮૪.00 |
| અમૂલ ગાય દૂધ પાઉચ ૫૦૦ મીલી | ૨૯.00 | ૩૦.00 |
| અમૂલ ગાય દૂધ પાઉચ ૨૦૦ મીલી | ૧૧.00 | ૧૨.00 |
| અમૂલ તાઝા દૂધ પાઉચ ૧૬૦ મીલી ની જગ્યાએ ૧૫૦ મીલી ૧૪-૦૫-૨૦૨૬ થી | ૧૦.00 | ૧૦.00 |
| અમૂલ તાઝા દૂધ પાઉચ ૫૦૦ મીલી | ૨૮.00 | ૨૯.00 |
| અમૂલ તાઝા દૂધ પાઉચ ૬ લીટર | ૩૩૬.00 | ૩૪૮.00 |
| અમૂલ સ્લીમ એન્ડ ટ્રીમ દૂધ પાઉચ ૫૦૦ મીલી | ૨૫.00 | ૨૬.00 |

કાયદાકીય ગૂંચ અને રાજકીય અનિર્ણાયકતાને કારણે વરણી હવે આગામી સપ્તાહે

# વડોદરા પાલિકામાં મેયર અને ડેપ્યુટી મેયરની વરણી પર 'બ્રેક'

**18થી** 22 મે વચ્ચે નવા પદાધિકારીઓના નામ જાહેર થવાની શક્યતા



(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન ના નવા પદાધિકારીઓની નિમણૂક અંગેના મહત્વના સમાચાર સામે આવ્યા છે. શહેરના નવા મેયર અને ડેપ્યુટી મેયરની નિમણૂકની પ્રક્રિયા હાલ પૂરતી મોકૂફ રાખવામાં આવી છે અને હવે આ વરણી આગામી અઠવાડિયા સુધી ટળી હોવાનું સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. આ વિલંબ પાછળ મુખ્યત્વે ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (GPMC) એક્ટના કાયદાકીય નિયમો અને રાજકીય સમીકરણો જવાબદાર હોવાનું મનાય છે.

મળતી વિગતો અનુસાર, ચૂંટાયેલા સભ્યોના નામ સરકારી ગેજેટમાં પ્રસિદ્ધ થયા બાદ મ્યુનિસિપલ કમિશનર દ્વારા બોર્ડની બેઠક માટે એજન્ડા રજૂ કરવામાં આવતો હોય છે. GPMC કાયદાના અનિવાર્ય નિયમ મુજબ, આ એજન્ડા રજૂ થયાના ૫મા દિવસે બોર્ડની પ્રથમ સભા મળે તે જરૂરી છે. આ કાયદાકીય જોગવાઈને કારણે તાત્કાલિક નિમણૂક શક્ય બની નથી. આ ઉપરાંત, શાસક પક્ષ ભાજપના પાર્લામેન્ટરી બોર્ડની અનિર્ણિત બેઠકોને લીધે પણ નામોની પસંદગીમાં વિલંબ થયો છે.

હાલની પરિસ્થિતિને જોતા, પદાધિકારીઓની નિમણૂકની સમગ્ર પ્રક્રિયા હવે આગામી 18 મે થી 22 મે વચ્ચે યોજાય તેવી પ્રબળ શક્યતાઓ સેવાઈ રહી છે. ભાજપ પાર્લામેન્ટરી બોર્ડની બેઠકો પૂર્ણ થયા બાદ અને કાયદાકીય પ્રક્રિયાના અંતે વડોદરાને નવા પદાધિકારીઓ મળશે. આ વિલંબને કારણે હાલમાં પાલિકાના રાજકારણમાં ગરમાવો જોવા મળી રહ્યો છે અને સંભવિત ઉમેદવારોમાં પણ ઉત્તેજના વધી છે.

## પવનો ફૂંકાતા ગરમીમાં આંશિક રાહત તાપમાન 42 ડિગ્રી

(પ્રતિનિધિ) વડોદરા,તા.13

વડોદરા શહેરમાં છેલ્લા ચાર દિવસથી ગરમીનો પારો 43 ડિગ્રી ને વટાવી ગયો હતો. જેના કારણે લોકો કાળઝાળ ગરમીથી હેરાન પરેશાન થઈ ઉઠ્યા છે. બુધવારે શહેરનું મહત્તમ તાપમાન ઘટીને 42 ડિગ્રી થયું હતું. જ્યારે લઘુતમ તાપમાન 29.6 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 57 ટકા અને સાંજે 26 ટકા નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ 17મી મે સુધી રાજ્યમાં હવામાન મુખ્યત્વે શુષ્ક રહેશે. જો કે ત્રણ દિવસ બાદ તાપમાન બે થી ત્રણ ડિગ્રી ઘટશે. હિટવેવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તા. 15 મી સુધી એલર્ટ જાહેર કરાયું છે. હાલ, ગુજરાતમાં કાળઝાળ ગરમીથી હજી બે દિવસ કોઈ છૂટકારો મળવાનો નથી. હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, ગુજરાતમાં પશ્ચિમ ઉત્તર પશ્ચિમના પવનો ફૂંકાઈ રહ્યા છે. 48 કલાક બાદ પવનની દિશા બદલાઈ શકે છે. જે બાદ તાપમાનમાં પણ ઘટાડો નોંધાઈ શકે છે. આ સાથે હવામાન વિભાગે ચોમાસા અંગેની પણ આગાહી આપી છે.

બરોડા ક્રિકેટ એસોસિએશનના સત્તા-સંઘર્ષમાં નવો વળાંક

# રોયલ સત્યમેવ જયતે ગ્રુપનો CEO પર મનસ્વી નિર્ણયોના આક્ષેપ

**હાઈકોર્ટની** કેરટેકર બોડીને મીટિંગમાં ન બોલાવાતી હોવાની ફરિયાદ, BPLના 10 કરોડના ખર્ચ પર સવાલ

**હાઈકોર્ટનો** નિર્ણય અમારા પક્ષમાં ,હવે અમે મક્કમતાથી કાયદેસરની લડત આપીશું : ડો.બેંકર



(પ્રતિનિધિ) વડોદરા,તા.13

બરોડા ક્રિકેટ એસોસિએશન બીસીએમાં છેલ્લા ઘણા સમયથી ચાલી રહેલો સત્તા સંઘર્ષ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. હાઈકોર્ટના તાજેતરના ચુકાદા બાદ રોયલ સત્યમેવ જયતે ગ્રુપ દ્વારા સત્તાધારી પક્ષ અને બીસીએના વહીવટ પર ગંભીર આક્ષેપો કરાયા છે.

કેરટેકર બોડીની અવગણના કરવામાં આવતી હોવાના આક્ષેપ સાથે ગ્રુપના અગ્રણી દર્શન બેંકરે જણાવ્યું કે, હાઈકોર્ટે પાંચ સભ્યોની કેરટેકર બોડી બનાવી હોવા છતાં વર્તમાન સત્તાધીશો આ સભ્યોને કોઈ મહત્વની મીટિંગમાં બોલાવતા નથી. વધુમાં તેમણે આક્ષેપ કર્યો કે , બીસીએના સીઈઓ મનસ્વી રીતે નિર્ણયો લઈ રહ્યા છે. કેરટેકર સભ્ય અનંત ઈંદુલકરે પણ બોડીની અવગણના થતી હોવાની ફરિયાદ કરી છે.

ગત વર્ષે યોજાયેલી બરોડા પ્રીમિયર લીગ પાછળ અંદાજે 10 કરોડ રૂપિયાનો માતબર ખર્ચ થયો હોવાનો રોયલ સત્યમેવ જયતે ગ્રુપે ખુલાસો કર્યો હતો. ગ્રુપ આગેવાનોએ બીપીએલ વડોદરામાં રમાય તેની સામે વાંધો નથી, પરંતુ ખર્ચની પારદર્શિતા જરૂરી છે. ખેલાડીઓના વિકાસ માટે થતા ખર્ચનો હિસાબ જાહેર થવો જોઈએ. હાઈકોર્ટે ચૂંટણી પરિણામોને ધ્યાને રાખી પૂર્વ ક્રિકેટર કિરણ મોરે સહિત 4 સભ્યોને ગેરલાયક ઠેરવ્યા છે. જોકે, વર્તમાન સત્તાધીશો આ નિર્ણય સામે સુપ્રીમ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે. દર્શન બેંકરે વધુમાં કહ્યું કે, હાઈકોર્ટનો નિર્ણય અમારા પક્ષમાં છે. હવે અમે મક્કમતાથી કાયદેસરની લડત આપીશું.

ગુજરાત વહીવટી તંત્રમાં મધરાતે 72 IAS અધિકારીઓની સામૂહિક બદલી

# ગંગા સિંહ હવે નર્મદા કલેક્ટર, અક્ષય બુડાનિયા VMC ના નવા ડેપ્યુટી કમિશનર

**ડીડીઓ** મમતા હિરપરા અમદાવાદ AMCમાં ટ્રાન્સફર



(પ્રતિનિધિ) વડોદરા. તા.13

રાજ્ય સરકારે વહીવટી તંત્રને વધુ કાર્યક્ષમ અને ગતિશીલ બનાવવા માટે મધરાતે મોટાપાયે IAS અધિકારીઓની બદલીનો નિર્ણય લઈ સમગ્ર રાજ્યના વહીવટી વર્તુળોમાં ચકચાર મચાવી દીધી છે. સામાન્ય વહીવટ વિભાગ દ્વારા એકસાથે 72 IAS અધિકારીઓની બદલીના આદેશો જાહેર કરવામાં આવતા જિલ્લા કલેક્ટરથી લઈને મ્યુનિસિપલ કમિશનર સુધીના મહત્વપૂર્ણ પદો પર મોટા ફેરફારો જોવા મળ્યા છે. લાંબા સમયથી ચાલી રહેલી અટકળોનો અંત આવતાં હવે રાજ્યના વહીવટી માળખામાં નવા સમીકરણો ઉભા થયા છે.

સરકારે આગામી મહત્વના પ્રોજેક્ટ્સ, વિકાસકાર્યો અને વહીવટી અનુકૂળતાને ધ્યાનમાં રાખીને આ મેગા રિ-શફલિંગ કર્યું હોવાનું માનવામાં આવી રહ્યું છે. ખાસ કરીને વડોદરા, અમદાવાદ અને નર્મદા જેવા મહત્વપૂર્ણ જિલ્લાઓમાં કરવામાં આવેલા ફેરફારોને રાજકીય અને વહીવટી રીતે મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યા છે. ક્યાંક અનુભવી અધિકારીઓને મહત્વ આપવામાં આવ્યું છે તો ક્યાંક યુવા અને કાર્યદક્ષ અધિકારીઓને મોટી જવાબદારીઓ સોંપવામાં આવી છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિકાસકાર્યોને વધુ વેગ આપવા માટે સરકારે બોટાદના જિલ્લા વિકાસ અધિકારી અક્ષય બુડાનિયાને નવા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે. બુડાનિયા કડક વહીવટી શૈલી અને ઝડપી નિર્ણયક્ષમતા માટે જાણીતા હોવાથી શહેરના વહીવટમાં નવી ગતિ આવશે તેવી આશા વ્યક્ત થઈ રહી છે.

વડોદરામાં મહત્વપૂર્ણ કામગીરી બજાવનાર ગંગા સિંહને હવે નર્મદા જિલ્લાના કલેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ધરાવતા નર્મદા જિલ્લામાં પર્યટન વિકાસ સાથે સ્થાનિક આદિવાસી વિસ્તારોના વિકાસ વચ્ચે સંતુલન જાળવવું તેમના માટે મહત્વનો પડકાર રહેશે.

તે ઉપરાંત વડોદરાના DDO તરીકે સફળ કામગીરી કરનાર મમતા હિરપરાની અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં બદલી કરવામાં આવી છે. રાજ્યની સૌથી મોટી કોર્પોરેશનમાં તેમને મહત્વની જવાબદારી સોંપાઈ છે. સરકારનો મુખ્ય ઉદ્દેશ આગામી લોકકલ્યાણ યોજનાઓ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ અને ચોમાસા પૂર્વેની તૈયારીઓને વધુ ગતિ આપવાનો હોવાનું મનાઈ રહ્યું છે.

# વાઘોડીયા ચોકડીથી સિદ્ધેશ્વર હાર્બર સુધીનો મુખ્ય માર્ગ 15 દિવસ માટે બંધ

**વરસાદી** ચેનલની કામગીરીને પગલે પાલિકાનો નિર્ણય; વાહનચાલકો માટે વૈકલ્પિક રૂટની જાહેરાત

(પ્રતિનિધિ) વડોદરા તા.13

વડોદરાના પૂર્વ વિસ્તારમાં આવેલા વાઘોડીયા રોડ પર ટ્રાફિકની સમસ્યા હળવી કરવા તેમજ ચોમાસા દરમિયાન સર્જાતી પાણી ભરાવાની સમસ્યાના કાયમી ઉકેલ માટે મહાનગરપાલિકા દ્વારા મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી છે. વાઘોડીયા ચોકડીથી સિદ્ધેશ્વર હાર્બર સુધીના વ્યસ્ત માર્ગ પર વરસાદી ચેનલ અને ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવનાર હોવાથી આગામી 15 દિવસ માટે આ માર્ગ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

પાલિકાના જણાવ્યા અનુસાર, છેલ્લા ઘણા સમયથી આ વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલની સમસ્યા ગંભીર બની રહી હતી. ચોમાસા દરમિયાન રસ્તા પર પાણી ભરાતા વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાના નિરાકરણ માટે રસ્તા પર ખોદકામ કરી નવી પાઈપલાઈન અને વરસાદી ચેનલ નાખવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

કાર્યગીરી દરમિયાન સલામતીના કારણોસર વાહનચાલકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકાયો છે. ટ્રાફિકની સમસ્યા ન સર્જાય તે માટે ટ્રાફિક પોલીસ અને પાલિકાના કર્મચારીઓ દ્વારા વૈકલ્પિક માર્ગોની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. નાગરિકોને ડાયવર્ઝનના સૂચનોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.

પાલિકાએ જણાવ્યું છે કે કામગીરી નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો પ્રયાસ કરવામાં આવશે. કામગીરી પૂર્ણ થયા બાદ આ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

તરસાલીમાં નબીરાઓનો 'નશામાં' આતંક

# અકસ્માત બાદ કારમાંથી દારૂની બોટલો અને બિયરનો જથ્થો મળ્યો

**પૂરપાટ** ઝડપે આવતી લક્ઝરી કારે અન્ય વાહનને અડફેટે લીધુંઃ

**મોતીનગર** પાસે સર્જાયેલા અકસ્માત બાદ ચાલક સહિતના શખ્સો કાર મૂકી ફરાર





(પ્રતિનિધિ) વડોદરા તા.13

સંસ્કારી નગરી વડોદરામાં દારૂબંધી માત્ર કાગળ પર જ હોવાનો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. શહેરના તરસાલી વિસ્તારમાં મોડી રાત્રે દારૂના નશામાં ચૂર યુવકોએ પૂરપાટ ઝડપે કાર હંકારી અકસ્માત સર્જતા વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. અકસ્માત બાદ કારમાંથી વિદેશી દારૂની બોટલો અને બિયરના ટીન મળી આવતા સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો હતો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, પરંતુ બંને વાહનોને ભારે નુકસાન પહોંચ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ, તરસાલી સ્થિત મોતીનગર સોસાયટી સામેના માર્ગ પર મોડી રાત્રે GJ 06 RC 5066 નંબરની કાર પૂરઝડપે આવી રહી હતી. કારચાલકે અચાનક સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવતા આગળ જઈ રહેલા અન્ય વાહનને પાછળથી જોરદાર ટક્કર મારી હતી. ટક્કરનો અવાજ સંભળાતા આસપાસના રહીશો ઘરની બહાર દોડી આવ્યા હતા.

અકસ્માત બાદ લોકો ભેગા થતા કારમાં સવાર યુવકો ગભરાઈ ગયા હતા અને અંધારાનો લાભ લઈ કાર સ્થળ પર જ મૂકી ફરાર થઈ ગયા હતા. સ્થાનિકોએ કારની તપાસ કરતાં તેમાં વિદેશી દારૂની મોંઘી બોટલો, બિયરના ટીન અને ગ્લાસ મળી આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, યુવકો સંપૂર્ણપણે નશાની હાલતમાં હતા. ઘટનાની જાણ થતા મકરપુરા પોલીસ સ્થળ પર પહોંચી હતી અને અકસ્માતગ્રસ્ત કાર સાથે દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે ગુનો નોંધી કારના નંબરના આધારે માલિક સુધી પહોંચવાની કાર્યવાહી શરૂ કરી છે. આસપાસના સીસીટીવી ફૂટેજ પણ તપાસવામાં આવી રહ્યા છે. સ્થાનિકોમાં પોલીસ પેટ્રોલિંગ સામે પણ અનેક સવાલો ઉઠી રહ્યા છે.

ભાડે રાખેલા એર કૂલરો ક્યાં? એક્સ-રે અને સિટી સ્કેન વિભાગમાં દર્દીઓ પરસેવે રેબઝેબ, સુવિધાના નામે મીંડું

# SSGH લાખોનો ધુમાડો છતાં ગરમીમાં શેકાતા દર્દીઓ

(પ્રતિનિધિ) વડોદરા. તા.13



મધ્ય ગુજરાતની સૌથી મોટી ગણાતી અને ગરીબોની જીવાદોરી સમાન વડોદરાની સયાજી હોસ્પિટલ ફરી એકવાર વિવાદોના વમળમાં ફસાઈ છે. હોસ્પિટલ તંત્ર દ્વારા કાળઝાળ ગરમીથી બચવા માટે લાખો રૂપિયાના ખર્ચે એર કૂલરો ભાડે લાવવાના બણગાં ફૂંકવામાં આવ્યા હતા, પરંતુ વાસ્તવિકતા કંઈક અલગ જ ચિત્ર રજૂ કરી રહી છે. હોસ્પિટલના મહત્વના વિભાગોમાં દર્દીઓ ગરમીમાં શેકાઈ રહ્યા છે, જેના કારણે તંત્રની ઘોર બેદરકારી ઉઘાડી પડી છે.

મળતી માહિતી મુજબ, હોસ્પિટલ વહીવટી તંત્રએ ઉનાળાની શરૂઆતમાં જ દર્દીઓને ગરમીથી રાહત આપવા માટે લાખો રૂપિયાના ખર્ચનું બજેટ ફાળવી એર કૂલરો ભાડે લીધા છે. જોકે, આ કૂલરો માત્ર કાગળ પર અથવા અમુક ચોક્કસ વહીવટી ઓફિસો પૂરતા જ સીમિત હોય તેવું જણાય છે. ગંભીર બીમારીઓની તપાસ માટે આવતા લાચાર દર્દીઓ માટે પંખાની પણ પૂરતી વ્યવસ્થા નથી.

સૌથી ખરાબ સ્થિતિ હોસ્પિટલના એક્સ-રે, સિટી સ્કેન અને સોનોગ્રાફી વિભાગમાં જોવા મળી રહી છે. રિપોર્ટ કઢાવવા માટે વહેલી સવારથી જ દર્દીઓની લાંબી લાઈનો લાગે છે. બીમાર દર્દીઓ અને તેમની સાથે આવેલા વૃદ્ધ પરિવારજનોને કલાકો સુધી ઉભા રહેવું પડે છે. બેસવા માટે પૂરતી બેન્ચ કે ખુરશીઓની કોઈ વ્યવસ્થા નથી. અહીંયા ફક્ત એક જ પંખો હોવાનું સામે આવ્યું છે. જેથી દર્દી અને તેમના પરિવારજનોને ગરમીમાં શેકાવું પડી રહ્યું છે.

સવાલ એ ઉભો થાય છે કે જો લાખો રૂપિયાના ખર્ચે એર કૂલરો ભાડે લેવામાં આવ્યા છે, તો તે કયા વોર્ડમાં કે કયા વિભાગમાં કાર્યરત છે ? સામાન્ય જનતાના ટેક્સના પૈસાથી ચાલતી આ હોસ્પિટલમાં ગરીબ દર્દીઓને જ પાયાની સુવિધાઓ કેમ મળતી નથી ? શું તંત્ર માત્ર કાગળ પર જ કામગીરી બતાવી રહ્યું છે ?

એક તરફ સરકાર 'સ્વાસ્થ્ય સુવિધા'ના મોટા દાવા કરે છે, ત્યારે સયાજી હોસ્પિટલની આ સ્થિતિ વહીવટી તંત્રની નિષ્ફળતાની ચાડી ખાય છે. જો વહેલી તકે એક્સ-રે અને સ્કેનિંગ વિભાગમાં ઠંડકની અને બેસવાની યોગ્ય વ્યવસ્થા કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં દર્દીઓનો રોષ ફાટી નીકળે તેવી પૂરેપૂરી શક્યતા છે.

ફૂડ ચેઇનનો વીડિયો વાયરલ થતા ફૂડ વિભાગ એક્શનમાં

# મરેલો ઉંદર 10 હજારનો પડ્યો, 'Mr. Puff' ને પાલિકાએ ફટકાર્યો આકરો દંડ!

(પ્રતિનિધિ) વડોદરા તા.13



સંસ્કારી નગરી વડોદરામાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા અને સ્વચ્છતા સામે ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. શહેરની પ્રખ્યાત ફૂડ ચેઈન 'Mr. Puff' ના એક યુનિટમાં મરેલા ઉંદરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા ગ્રાહકોમાં ભારે રોષ અને ફફડાટ ફેલાયો છે. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને વડોદરા મહાનગરપાલિકાના ફૂડ વિભાગે તાત્કાલિક દરોડા પાડી તપાસ હાથ ધરી હતી અને બેદરકારી બદલ સંચાલકોને 10,000નો દંડ ફટકાર્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, છેલ્લા બે દિવસથી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર એક વીડિયો તેજીથી પ્રસારિત થઈ રહ્યો હતો, જેમાં Mr. Puff ના ઉત્પાદન એકમ અથવા સ્ટોરના ભાગમાં એક મરેલો ઉંદર પડેલો જોવા મળ્યો હતો. ખાણી-પીણીની વસ્તુઓ જ્યાં તૈયાર થતી હોય ત્યાં જ આવી ગંદકી જોઈને શહેરીજનોમાં ચર્ચા જાગી હતી. વીડિયો વાયરલ થતા જ વડોદરા મહાનગરપાલિકાની ફૂડ સેફ્ટી ટીમ હરકતમાં આવી હતી અને સંબંધિત સ્થળ પર ઓચિંતું ચેકિંગ હાથ ધર્યું હતું.

ફૂડ વિભાગના અધિકારીઓએ જ્યારે એકમની મુલાકાત લીધી ત્યારે ત્યાં સ્વચ્છતાના નિયમોનું ઉલ્લંઘન થતું જોવા મળ્યું હતું. પેસ્ટ કંટ્રોલનો અભાવ અને ખાદ્ય સુરક્ષાના નિર્ધારિત માપદંડો જળવાયા ન હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું. પાલિકાએ આ મામલે કડક વલણ અપનાવીને 'ખાદ્ય સુરક્ષા અને ધોરણો અધિનિયમ' હેઠળ સંચાલકોને નોટિસ ફટકારી હતી અને સ્થળ પર જ 10,000નો વહીવટી દંડ વસૂલ કર્યો હતો.

Mr. Puff જેવી નામાંકિત બ્રાન્ડ સામે થયેલી આ કાર્યવાહીને પગલે શહેરના અન્ય ફૂડ આઉટલેટ્સ અને રેસ્ટોરન્ટ સંચાલકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો છે. પાલિકાના સૂત્રોના જણાવ્યા અનુસાર, આગામી દિવસોમાં અન્ય મોટા ફૂડ યુનિટ્સમાં પણ સઘન ચેકિંગ કરવામાં આવશે. ગ્રાહકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ એકમ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવાની ચીમકી પાલિકા દ્વારા આપવામાં આવી છે.